**DATE: 11/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

# સંજાલી ગામે જુગાર રમતાં 8 ઝડપાયાં

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

સંજાલી ગામના હોળી ચકલા વિસ્તારમાં જાહેરમાં મોટા પાયે જુગાર રમાઈ રહ્યો હોવાની માહિતી મળતાં પોલીસે દરોડા પાડ્યા હતા જ્યાં જાહેરમાં સ્ટ્રીટ લાઈટનીચે જુગાર રમતા 8 ખેલીને ઝડપી પાડ્યા હતા. પોલીસે દાવ પર લાગેલા 4600 રૂપિયા મળી કુલ 31 હજાર રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો અને તમામ જુગારીઓને જેલભેગા કર્યા હતા.

**DATE: 11/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### જંબુસરમાં અગાઉ આંગડિયામાં લૂંટ થઇ હતી

# દુકાનમાં સીસીટીવી ન લગાવતાં બે જ્વેલર્સ વિરુદ્ધ ગુનો નોંધાયો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસર પોલીસની વિવિધ ટીમો દ્વારા શહેરના અલગ અલગ વિસ્તારમાં ચેકિંગ શરૂ કરવામાં આવ્યું હતું. દરમિયાનમાં જંબુસર શહેરના સોની ચકલા વિસ્તારમાં ઢોળાવ ફળિયા ખાતે આવેલાં રૂપાલી એસ. જ્વેલર્સ નામની દુકાનમાં તપાસ કરતાં ત્યાં સીસીટીવી કેમેરા લાગેલા ન હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.જેના પગલે જ્વલર્સના માલિક અશરફઅલી અનવરઅલી શેખ (રહે. ઢોળાવ ફળિયું) સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધ્યો હતો. દરમિયાનમાં પોલીસની અન્ય એક ટીમ પણ સોની ચકલા વિસ્તારમાં શ્રી બાલાજી જ્વેલર્સ નામની દુકાનમાં જતાં ત્યાં પણ સીસીટીવી કેમેરા લગાવેલાં ન હોવાનું માલુમ પડ્યું હતું. જેના પગલે તેના માલિક નંદકુમાર માધવરાય જાધવ (રહે. સાંઇ વંદન કોમ્પ્લેક્ષ, મદન ઝાંપા રોડ, વડોદરા) વિરુદ્ધ પણ પોલીસે જાહેરનામા ભંગનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# સગીરાની છેડતીના ગુનામાં ફરાર આરોપી ઝડપાયો

અંક્લેશ્વર । નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવાની જિલ્લા પોલીસ વડા ની સૂચના આધારે ભરુચ પેરોલ ફર્લો સ્કોર્ડના પી.એસ.આઈ રાણાના માર્ગદર્શન હેઠળ ફર્લો સ્કોર્ડ ના સભ્યો અંક્લેશ્વર માં પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે,એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલા સગીર બાળા ની છેડતી માં નાસતો ફરતો આરોપી રેલ્વે સ્ટેશન ખાતે આવ્યો છે. જે માહિતી આધારે ટીમએ રેલ્વે સ્ટેશન ખાતે સર્ચ કરતા ર સુરતી ભાગોળ ગુજરાત હાઉસિંગ બોર્ડ ખાતે રહેતા ક્મલેશ રાજેશ જયસ્વાલને ઝડપી પાડ્યો હતો.

**DATE: 12/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-01**

### ટંકારીયા બાદ ગૌવંશની હત્યાના બીજા કિસ્સાનો પર્દાફાશ થતાં લોકોમાં રોષ ફેલાયો

# ભરૂચ શહેરમાં ધમધમતા બે કતલખાના પર પોલીસના દરોડા, 750 કિલો ગૌમાંસ જપ્ત

## ધોબીવાડમાં પોલીસને જોઇ ખાટકી ભાગી છૂટયો, ખાટકીવાડમાંથી 2 આરોપી ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચમાં ગ્રામ્ય વિસ્તારોમાં બાદ હવે શહેરમાં ગૌવંશના કતલખાનાઓની સંખ્યા વધી રહી હોય તેમ લાગી રહયું છે. શહેરના ધોબીવાડ અને ખાટકીવાડમાં પોલીસે દરોડો પાડી 750 કિલો ગૌમાંસ સાથે બે ખાટકીને ઝડપી લીધાં છે જયારે એક ફરાર થઇ જતાં તેને ઝડપી પાડવા કવાયત હાથ ધરવામાં આવી છે.

ભરૂચના ધોબી તળાવ પાસે રજા મસ્જિદ પાસે ગૌમાતાની કતલ થતી હોવાની બાતમી મળતાં બી ડિવિઝન પોલીસે દરોડો પાડયો હતો. ખાટકી પોલીસને ઓળખી જતાં ભાગી છૂટયો હતો. સ્થળ પરથી એક ગાયનું ધડ ગરદનથી અલગ કરી દેવાયેલી સ્થિતિમાં તથા એક જીવતી ગાય મળી આવી હતી. વેટરનરી તબીબ સહિતની હાંજરીમાં કાર્યવાહી કરી 390 કિલો જેટલો ગૌમાંસનો જથ્થો કબજે લેવાયો હતો. ભાગી છૂટેલા અસ્લમ ખાટકીને ફરાર જાહેર કરાયો છે.

બીજો દરોડો ખાટકીવાડમાં પાડવામાં આવ્યો હતો. જેમાં ગરીબ પીરબાવાની દરગાહ પાસે એક ઓસરીમાં બે ઇસમો માંસના જથ્થા સાથે મળી આવ્યાં હતાં. તેમના નામ મુશરફ કુરેશી અને અનવર કુરેશી હોવાનું બહાર આવ્યું હતું. તેમની પાસેથી 360 કિલો ગૌમાંસનો જથ્થો મળી આવ્યો હતો. બે દરોડામાં બે ખાટકીઓને ઝડપી લેવાયાં છે જયારે એક ફરાર છે. અત્યાર સુધી ગામડાઓમાં ગૌવંશની કતલની ઘટનાઓ સામે આવતી હતી પણ હવે શહેરમાં પણ ખુલ્લેઆમ ગાયની કતલ કરવામાં આવી રહી છે.



**આરોપી સામે ગુનાઓની સંખ્યા**

અસ્મલ કુરેશી : 04
મુશરફ કુરેશી : 02
અનવર કુરેશી : 03

### ગૌહત્યાનું કૃત્ય સાંખી નહીં લેવાય : પોલીસ વિભાગ

એસપીની સુચનાથી વિસ્તારમાં ચાલતાં કતલખાનાઓ પર ખાસ સર્ચ ઝૂંબેશ હાથ ધરી હતી. જેમાં બે સ્થળે ગૌહત્યા કરાઇ હોવાનું ધ્યાનમાં આવતાં કુલ 3 જણા વિરૂદ્ધ બે ગુના નોંધ્યા છે. વિસ્તારમાં ગૌહત્યાનું કૃત્ય કોઇ સંજોગોમાં સાંખી લેવાશે નહીં. સ્થાનિક ખાતકીઓને તે બાબતે તાકીદ કરી છે. આગામી દિવસોમાં પણ પોલીસનું ચેકિંગ યથાવત રહેશે.
» એચ. જે. સોલંકી, પીઆઇ, બી ડિવિઝન.

### ટંકારીયામાંથી 200 કિલો ગૌમાંસ મળી આવતાં નાશ કરાયો હતો

ટંકારીયાની બાબરિયા કોલોની પાસે બંધ બંગલાની પાછળના ભાગે ગૌવંશની કતલ કરવાની પ્રવૃતિ ઝડપી લેવામાં આવી હતી. સ્થળ પરથી 200 કિલોથી વધારે ગૌમાંસ કબજે લેવામાં આવ્યું હતું. ટંકારીયાથી વિવિધ સ્થળોએ ગૌમાંસનો જથ્થો પહોંચાડવામાં આવતો હતો.

### ફરાર અસ્લમ સામે હત્યાની કોશિશનો ગુનો નોંધાયેલો છે

ધોબી તળાવ વિસ્તારમાં ગાયની કતલ કરતો અસ્લમ ખાટકી સામે 2017માં હત્યાની કોશિશનો ગુનો નોંધાયેલો છે. આ ઉપરાંત તે પશુ ઘાતકીપણાના ગુનાઓમાં પણ સામેલ છે. ત્રણેય ખાટકીઓ ગુનાહિત ભૂતકાળ ધરાવે છે.

### ધારદાર હથિયારથી ગાયનું માથું અલગ કરી દેવામાં આવતું હતું

ભરૂચ પોલીસને કતલખાનાઓ પર દરોડા દરમિયાન અનેક ધારદાર હથિયારો મળી આવ્યાં છે. મોટા છરા, કુહાડી, લોખંડના સળિયા, નાના છરા, છરાઓને ધાર કરવાના સાધનો કબજે લેવાયાં છે. ખાટકીઓ ગાયનું માથુ અને ધડ અલગ કરી દીધાં બાદ તેનું ચામડું કાઢી માંસનું વેચાણ કરતાં હતાં. કેટલા સમયથી પ્રવૃતિ ચાલતી હતી તેની તપાસ થઇ રહી છે.

**DATE: 12/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

## ભરૂચની ઘટના, લગ્નની લાલચે માગણી

# રોમિયોએ યુવતી પાસે પડાવેલાં પૈસા સખી સેન્ટરે પરત અપાવ્યાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લામાં એક યુવતીને લગ્નની લાલચ આપી યુવાન વારંવાર પૈસાની માગણી કરતો હતો. તેની માગણીથી કંટાળીને યુવતી આખરે મદદ માટે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે પહોંચી હતી જ્યાં સ્ટાફે યુવકને ફોન કરી યુવતી પાસેથી લીધેલા તમામ પૈસા પરત મેળવી આપ્યાં હતાં.

ભરૂચના સખી વન સ્ટોપ સેન્ટર માં 30 વર્ષીય યુવતી મદદ માટે પહોંચી હતી.તે પોતાની રીતે સખી વન સ્ટોપ સેન્ટર પર મદદ માટે આવતા ત્યાના સ્ટાફ દ્વારા કાઉન્સેલિંગ કરતાં સગીરાએ જણાવ્યુ કે એક યુવક પ્રેમ સંબંધ રાખી લગ્ન કરવાનું પ્રલોભન આપી તેની પાસેથી પૈસા પડાવતો હતો. અને સગીરા સાથે છેતરપિંડી કરતો હતો.તેથી સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા તે યુવકના સગાને બોલાવી હકીકત જણાવી અને તેને પોતાની ભૂલ કબૂલાત કરી તથા સગીરા પાસેથી છેતરપિંડી થી લીધેલ પૈસા પરત અપાવવામાં આવ્યા હતા.

**DATE: 12/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE-04**

# સગીરાની છેડતીના ગુનામાં સંડોવાયેલો આરોપી ઝડપાયો

અંકલેશ્વર તા.૧૧

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકના સગીરાની છેડતીના ગુનામાં સંડોવાયેલ આરોપીને ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડની ટીમે ઝડપી પાડ્યો હતો.ભરૂચ પેરોલ ફર્લો સ્કવોડનો સ્ટાફ અંક્લેશ્વર શહેરમાં પેટ્રોલિંગમાં હતો તે દરમિયાન બાતમી મળી હતી કે શહેર એ ડિવિઝન પોલીસ મથકના સગીરાની છેડતીના ગુનામાં સંડોવાયેલ આરોપી રેલવે સ્ટેશન વિસ્તારમાં ફરી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી અને ગુજરાત હાઉસીંગ બોર્ડમાં રહેતો કમલેશ રાજેશ જયસ્વાલને ઝડપી પાડી એ ડિવિઝન પોલીસ મથકને હવાલે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 13/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### પતિ પગારમાંથી એક પણ રૂપિયો નહિ આપતા હોવાનો આક્ષેપ

# સંતાન સાથે આપઘાત કરવા માટે ગયેલી પરીણિતાને 181 ટીમે બચાવી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચની એક પરીણિતાએ 181 અભયમની ટીમને કોલ કરી તે જીવન ટૂંકાવવા માંગે છે તેમ કહેતાં અભયમની ટીમે તેમને ફોન પર જ સાંત્વના આપી તુરંત પરીણિતા પાસે પહોંચ્યાં હતાં.જ્યાં નિરલ ( નામ બદલેલ છે) સાથે ટીમે મુલાકાત કરી તે જિંદગીનો અંત કેમ આણવા માંગે છે તે અંગે પુછતાં તેણે જણાવ્યું હતું કે, તે અને તેના પતિ બન્ને નોકરી કરે છે. જોકે, તેના પતિ તેના પગારનો એક પણ હિસ્સો તેમને નથી તેમજ ઘર પરિવાર ચલાવવા માટે પણ તેઓ આર્થિક મદદ કરતાં નથી. ઉપરાંત તેઓ તેમના બાળકના શિક્ષણને લઈને પણ કોઈ ગંભીરતાં રાખતા નથી. અને કાંઈ કહે તો ઝઘડો કરે છે. ઉપરાંત શારીરિક સંબંધ બાંધવા મુદ્દે પણ તેમની સાથે તકરાર કરે છે. તેમના આંતરિક બાબતો અંગે તેઓ તેમના પતિ સાથે કરે તો તે પણ તે તેના માતા-ભાઈને કરી દેતાં હોઈ તેઓ તેમની સાથે ઝડઘો કરતાં હતાં. ઉપરાંત સાસરિયાઓ તેને ગાંડી થઈ ગઈ કહીં પરેશાન કરે છે. ગઈકાલે ઘરમાં ઝઘડો થતાં તેના સાસુ તેને બાળકો સાથે એકલી મુકી જતાં રહ્યાં હોવાનું જણાવતાં આખરે ટીમે સાસરિયાઓનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, હાલમાં તેને સખી વન સ્ટોપ સેન્ટર નામની સંસ્થામાં સોંપ્યા હતાં.

**DATE: 14/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### ભરૂચ એલસીબી અને ઉમલ્લા પોલીસ દ્વારા સઘન તપાસ હાથ ધરી

# ઉમલ્લા પાસે ટ્રક ડ્રાઈવરને લૂંટી લેનારા ત્રણ ઈસમ ગણતરીના કલાકોમાં ઝડપાયા

### પોલીસે કુલ ૫૫ હજારનો મુદ્દામાલ કબ્જે લેવાયો : બે વૉન્ટેડ જાહેર

। ઝઘડિયા ।

ઝઘડિયા તાલુકાના ઉમલ્લા નજીક હાઈવા ટ્રકને રોકીને તેના ચાલકને માર મારીને લુંટ કરવામાં આવી હોવાની ઘટના બનવા પામી હતી. આ ઘટનામાં ડ્રાઈવરને લૂંટી લેનાર ઈસમો ગણતરીના કલાકોમાં ઝડપાઈ ગયા હતા.

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચ અને ઉમલ્લા પોલીસની ટીમો દ્વારા સઘન તપાસ હાથ ધરીને આ ગુના હેઠળ ત્રણ ઈસમોને ઝડપી લઈને અન્ય બે ઈસમોને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા હતા. ટ્રક ડ્રાઈવરને માર મારી લુંટી લેવાની ઘટના સંદર્ભે ટ્રક ડ્રાઈવરે ઉમલ્લા પોલીસ મથકમાં ત્રણ મોટરસાયકલો પર આવેલ પાંચ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ ફરિયાદ લખાવી હતી. ત્યારબાદ પોલીસે અલગ અલગ ટીમો બનાવી સીસી ટીવી ફુટેજ ચેક કરીને સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બાતમી મળી હતી કે ગુનામાં તવડી ગામનો અમિત ઉર્ફે જીંગો તથા ઉમેદ ઉર્ફે ઉમેશ વસાવા તેમજ સંદીપ વસાવા સંડોવાયેલ છે, અને હાલમાં તેઓ રાયસીંગપુરા ગામના પાટીયા ખાતે ઉભા છે. બાતમી મુજબના સ્થળે પોલીસ દ્વારા તપાસ કરાતા આ ઈસમો મળી આવતાં ઉમલ્લા પોલીસ સ્ટેશન ખાતે લાવીને તેઓની પુછપરછ કરતા ત્રણેય ઈસમોએ કબુલાત કરી હતી કે ગઈ તા.૧૦ મીના રોજ રાયસીંગપુરા વચ્ચે રોડ ઉપર રાત્રીના એક હાઈવા ટ્રકને રોકી તેના ડ્રાઈવરને માર મારી લુંટીને ભાગી ગયેલ હતા. ત્રણેય ઈસમો પાસેથી ગુનામાં વપરાયેલ મોટરસાયકલ મળી કુલ રૂા. ૫૫,૦૦૦ નો મુદ્દામાલ કબજે લઈને અમિતભાઈ શંકરભાઈ વસાવા રહે. તવડી, ઉમેદ ઉર્ફે ઉમેશ શાંતીલાલ વસાવા રહે. તવડી, સંદીપ ભાઈ લાલ વસાવાને અટકમાં લઈને અન્ય બે ઈસમો ચેતન વસાવા તેમજ ગીરીશ ઉર્ફે ગીરીયાને વોન્ટેડ જાહેર કર્યા હતા.

**DATE: 14/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE-04**

### બૂટલેગરની ધરપકડ જયારે અન્ય એક વોન્ટેડ

# નવા બોરભાઠા ગામે મકાનમાં સંતાડેલો વિદેશી દારૂ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ।અંકલેશ્વર

અંકલેશ્વરના નવા બોરભાઠા ગામેના સ્કુલ ફળીયાના મકાનમાં સંતાડી રાખેલો દારૂ તથા બિયરનો જથ્થો પોલીસે ઝડપી પાડયો હતો. બનાવ સંદર્ભે એ ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ટીમે એક બુટલેગરને ઝડપી પાડ્યો હતો. બીજાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

એ ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ તેમના વિસ્તારમાં રાત્રી પેટ્રોલીંગમાં હતો.આ સમયે માહિતી મળી હતી કે,નવા બોરભાઠા ગામે સ્કુલ ફળીયામાં રહેતાં પ્રતિક વસાવાએ પોતાના ઘરમાં દારૂ સંતાડી રાખ્યો હોવાની બાતમી મળી હતી. બાતમીના આધારે દરોડો પાડતાં પ્રતિક વસાવા મળી આવ્યો હતો. બીજા રૂમમાં તલાશી લેતાં દારૂ તથા બિયરની બોટલો મળી આવી હતી. પોલીસે દારૂ તથા મોબાઈલ મળી 33 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તેણે દારૂનો જથ્થો વલસાડનો રાહુલ આપી ગયો હોવાની કબૂલાત કરતાં તેને વોન્ટેડ જાહેર કરાયો છે.

**DATE: 15/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYBHASKAR PAGE- 01**

### ભરૂચમાં માતા-પુત્રના સંબંધો શર્મસાર થયાં

# દીકરાએ માતાને રાખવાના બદલે ધક્કા મારી હાંકી કાઢી

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લાના નજીક ના વિસ્તાર માંથી અજાણ્યા વ્યક્તિ દ્વારા અભયમ ને ફોન કરી જણાવ્યું કે અહિયાં 80 વર્ષના દાદી ને તેના છોકરા યે ઘરમાંથી બહાર કાઢી મૂક્યા છે.કહી 181 અભયમ મહિલા હેલ્પલાઈન ની મદદ માગતા ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી દાદી સાથે વાતચીત કરતા તેમણે જણાવ્યું કે છોકરી ના નામે જમીન કરી દીધા બાદ તેમના છોકરાએ તેમને ઘરમાંથી બહાર કાઢી મૂક્યા છે.અને સાથે રાખવાની ના કહેછે. દાદી ને બે દીકરા છે.જે બંને અલગ અલગ મકાન માં રહેતા હતા. બંને ભાઈઓએ એક એક મહિનો માતાને રાખવાનું નક્કી કર્યું. હતું એક મહિનો પૂરો કરી બીજા છોકરા ના ઘરે જતા છોકરો રાખવા તૈયાર ન થતાં કાઢી મુકયાં હતાં.

**DATE: 15/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE- 04**

## અંકલેશ્વર પોલીસે હવા મહેલ વિસ્તારની દુકાનમાં દરોડો પાડયો

# ગ્રાહકને અપાતા પહેલાં બોટલમાંથી ગેસ કાઢી બારોબાર વેચવાનું કૌભાંડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના હવામહેલ સોસાયટી પાસે આવેલાં આઝાદ શટરમાં પતરાના શેડની આડમાં ગેરકાયદે ગેસ રીફિલિંગ કરવાનું કૌભાંડ પોલીસે ઝડપી પાડ્યું છે. ટીમે બે શખ્સોની ધરપકડ કરી તેમની પાસેથી એચપી કંપનીના કુલ 49 બોટલ, પિકઅપ ટેમ્પો, મોબાઈલ સહિત કુલ 4.33 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, હવામહેલ સોસાયટી પાસેના આઝાદ શટરમાં પતરાના શેડની આડમાં ગેરકાયેદે ગેસ રીફિલિંગ કરવાનું કૌભાંડ ચાલે છે. જેના પગલે તેમની ટીમે સ્થળ પર પહોંચતાં ત્યાં એક પિકઅપ ટેમ્પો ઉભેલો જણાયો હતો. ટીમે દરોડો પાડી જાકુબ ઈશાક ગાજી ખાન તેમજ બરકત ઈલ્યાસ મોહમદ ખાનની ધરપકડ કરી હતી. તેઓએ કબુલાત કરી હતી કે, કંપનીમાંથી ગેસના બોટલ રીફિલ થયાં બાદ ગ્રાહકોને ત્યાં લઈ જતાં પહેલાં તેઓ તે બોટલમાંથી અન્ય બોટલોમાં એકથી ત્રણ કિલો જેટલો ગેસ ખાલી કરી લેતાં હતાં. જે બાદ તે તે બોટલ વેચીને રૂપિયા કમાવી લેતાં હતાં. ઘટનાને પગલે ટીમે બન્નેની ધરપકડ કરી તેમની સામે આઈપીસીની કલમ 407, 285, 336, 114 તેમજ આવશ્યક ચીજ વસ્તુ અધિનીયમ 1955ની કલમ 3 અને 7 હેઠળ ગુનો નોંધ્યો હતો. તેમજ તેમની પાસેથી એચપી કંપનીના કુલ 49 બોટલ, પિકઅપ ટેમ્પો, મોબાઈલ સહિત કુલ 4.33 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો.

**DATE: 16/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYBHASKAR PAGE-01**

### 2016માં પોલીસે વાલિયા ચોકડી પાસે સુપર આર્કેડમાં દરોડો પાડ્યો હતો

# અંકલેશ્વરમાં ગાંજાની હેરાફેરીમાં ઝડપાયેલા ત્રણ ભાઈઓને 10 વર્ષ કેદ, એક લાખનો દંડ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરની વાલિયા ચોકડી પાસે 2016ના એપ્રિલ મહિનામાં પોલીસે વાલિયા ચોકડી નજીકથી 104 કિલો ગાંજા સાથે 3 ભાઈઓને ઝડપી પાડયાં હતાં. આ કેસમાં 7 વર્ષ બાદ ચૂકાદો આવ્યો છે જેમાં કોર્ટે ત્રણેય ભાઈઓને 10 વર્ષની કેદં અને એક લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

બનાવની હકીકત એવી છે કે, ભરૂચ પોલીસના સ્પેશિયલ ઓપરેશન ગૃપે 2016માં અંકલેશ્વર ની વાલિયા ચોકડી નજીક આવેલા સુપર આર્કેડ નામના શોપિંગ કોમ્પ્લેક્ષમાં દરોડો પાડયો હતો. જેમાં દુકાન નં-એફ-15 માંથી ગાંજાની હેરાફેરી કરતા નર્મદા જિલ્લાના ગરુડેશ્વર તાલુકાના યોગેશ તડવી, નરેશ તડવી અને ગણેશ તડવીને ઝડપી લીધા હતાં. આરોપીઓ સગા ભાઈઓ છે અને તેમની પાસેથી બેગ તથા સૂટકેસમાં ભરેલો 104 કિલો ગાંજો મળી આવ્યો હતો. પોલીસે 6.31 લાખનો મુદ્દામાલ જપ્ત કરી શહેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. આ કેસ અંકલેશ્વરની સેશન્સ કોર્ટમાં ચાલી જતાં સરકારી વકીલ એન.વી.ગોહિલ અને જે.બી.પંચાલે 20 સાહેદો તથા 39 દસ્તાવેજી પુરાવા કર્યા હતા .તેથી અંકલેશ્વર બીજા એડિશનલ સેશન્સ જજ એસ.ડી.પાંડે દ્વારા સરકારી વકીલ એન.વી.ગોહિલ અને જે.બી.પંચાલ ની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે ત્રણેય ભાઈઓને 10 વર્ષની કેદની સજા અને એક લાખ રૂપિયાનોદંડ ફટકાર્યો હતો.

**DATE: 16/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE-07**

### એક બોટલમાંથી અન્યમાં ગેસ ટ્રાન્સફર કરી થતું વેચાણ

# અંકલેશ્વરનાં હવામહેલ પાસે દુકાનમાં ગેસના બોટલમાંથી રીફીલિંગનો પર્દાફાશ

### પોલીસે બે શખસો ને ઝડપી પાડી ૪.૩૩ લાખ નો મુદ્દામાલ કબ્જે કર્યો

| અંકલેશ્વર |

અંકલેશ્વરના હવામહેલ પાસે નેશનલ હાઈવે ની બાજુમાં આવેલ દુકાનમાંથી બી ડિવિઝન પોલીસે ગેરકાયદેસર રીતે મોટા ગેસની બોટલમાંથી નાના ગેસના બોટલમાં રીફીલિંગ કરતા બે શખ્સોને પકડી પાડી ૪૮ નંગ ગેસના બોટલ, બોલેરો પીકઅપ અને અન્ય સાધનો મળી કુલ રૂપિયા ૪.૩૩ લાખનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે.



અંકલેશ્વરમાં ગેસના બોટલમાંથી રીફીલીંગ કરતા બે પકડાયા

પોલીસ સૂત્રીય માહિતી મુજબ અંકલેશ્વર બી ડીવીઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો. આ દરમ્યાન નેશનલ હાઈવે ૪૮ ઉપર આવેલા આઝાદ શટરમાં આવેલી દુકાનમાં બે શખ્સો મોટી ગેસની બોટલમાંથી નાના- મોટા ગેસના બોટલોમાં ગેરકાયદેસર ટ્રાન્સફર કરી વેચાણ કરી રહ્યા હોવાની મળેલી માહિતીના આધારે રેડ કરતા ગેસ રીફ્લીંગ કરતા જાકુબ ઈશાક ગાજીખાન અને બરકત ઈલીયાસ મોહમદ ખાનને રંગેહાથે પકડી લીધા હતા. પોલીસે સ્થળ પરથી ૪૫ નંગ ગેસના બોટલ ૧ નંગ કોમર્શીયલ ગેસ ભરેલી બોટલ અને ૩ નંગ, ખાલી બોટલ કબ્જે કરી હતી. પોલીસે સ્થળ ઉપરથી ડીજીટલ વજન કાંટા, એક પીકઅપ બોલેરો અને બે મોબાઈલ મળીને કુલ રૂપિયા ૪,૩૩,૨૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 17/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE- 04**

### અંકલેશ્વરમાં મોપેડ ઉપર

# શંકાસ્પદ મોબાઈલ ફોન લઈ ફરતા બે શખ્સ ઝડપાયા

અંકલેશ્વર તા.૧૬

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે કસ્બાતીવાડ મસ્જિદની સામે મોપેડ ઉપર શંકાસ્પદ મોબાઈલ ફોન લઈ ફરતા બે ઈસમોને ઝડપી પાડ્યા હતા.

## પોલીસે મુદ્દામાલ કબજે લઈ વધુ તપાસ હાથ ધરી

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો તે દરમિયાન બાતમીના આધારે કસ્બાતીવાડ મસ્જિદની સામે જ્યુપીટર મોપેડ લઈ બે ઈસમો શંકાસ્પદ મોબાઈલ સાથે ઉભેલા છે.જેવી બાતમીના આધારે પોલીસે વોચ ગોઠવી હતી.બાતમી વાળા બંને ઈસમો પાસે રહેલા મોપેડમાં સંતાડી રહેલ પાંચ જેટલા મોબાઈલ મળી આવ્યા હતા.પોલીસે બંને શખ્સોને ફોન અંગે પૂછપરછ કરતાં તેઓએ સંતોષકારક જવાબ આપ્યો ન હતો.પોલીસે કાગદીવાડ વિસ્તારમાં રહેતો ગુલામ રસુલ ઈમ્તિયાઝ સેંગલી અને મહમદ ફૈઝલ નાસિર હુસેન શાહની શંકાસ્પદ હાલતમાં અટકાયત કરી મોપેડ અને પાંચ ફોન મળી કુલ રૂ.૪૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી હતી.

**DATE: 17/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE- 09**

### પ્રતિન ચોકડીથી વાલિયા ચોકડી સુધી

# અંકલેશ્વરમાં સર્વિસ રોડ પરના દબાણો દૂર કરાયા

। અંકલેશ્વર ।

અંકલેશ્વરની પ્રતિન ચોકડી વિસ્તારથી વાલિયા ચોકડી વિસ્તાર પર ગેરકાયદેસર રીતે દબાણ કરી બેઠેલા લોકો ઉપર બીક્ર ડિવિઝન પોલીસે તવાઈ બોલાવી છે.

અંકલેશ્વર શહેરની અંદર ટ્રાફિકની સમસ્યા દિન પ્રતિદિન માથાનો દુખાવો સમાન બની રહી હતી. અંકલેશ્વરના પ્રતિન ચોકડી વિસ્તારથી લઈને વાલીયા ચોકડી નેશનલ હાઈવે સુધી જતા સર્વિસ રોડ ઉપર રોજિંદા ટ્રાફિકની સમસ્યાથી લોકો ત્રાહિમામ પોકારી ઊઠ્યા હતા. ટ્રાફિકની સમસ્યાનું મૂળ કારણ ગેરકાયદેસર રીતે દબાણ કરી બેઠેલા લોકો હોય, જેને લઈને અંકલેશ્વર બીક્ર ડિવિઝન પોલીસે ગેરકાયદેસર દબાણ કરી બેઠેલા લોકો ઉપર લાલ આંખ કરી હતી. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ આર.કે. ભૂતિયાની ઉપસ્થિતિમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવામાં આવ્યા હતા. JCBની મદદ લઈ લારી-ગલ્લા અને કેબીનો સહિતના ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યા હતા. ત્યારે દબાણો દૂર કરાયા બાદ ઘણા વર્ષો પછી માર્ગ ખુલ્લો જોવા મળ્યો હતો. પોલીસની પ્રશંસનીય કામગીરીને લઈને રોજિંદા ટ્રાફિકમાં ફસાઈ રહેતાલોકોએ રાહતનો અનુભવ કર્યો હતો.

**DATE: 17/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVY BHASKAR PAGE- 04**

### પોલીસે કુલ 45 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# કાગદીવાડમાંથી બે યુવાનો 5 મોબાઈલ સાથે ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર પોલીસ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન માહિતી મળી હતી કે ગ્રે કલરની જ્યુપીટર મોપેડ સાથે 2 ઈસમો શંકાસ્પદ મોબાઈલ સાથે કસ્બાતીવાડ મસ્જિદ પાસે ઉભા છે. પોલીસે આ વિસ્તારમાં વોચ ગોઠવીને મોપેડ સાથે ઉભેલા કાગડીવાડના ગુલામ રસુલ ઈમ્તિયાઝ સેગલી અને સુરતી ભાગોળ ઝમઝમ આરો પ્લાન્ટની બાજુ માં રહેતા મહંમદ ફૈઝલ નાસીર હુસેન શાહને ઘેરી લીધાં હતાં. તેમની પાસે ડીકી ખોલાવી ચેક કરતા અંદર થી 5 મોબાઈલ મળી આવ્યા હતા જે મોબાઈલ અંગે જરૂરી આધાર પુરાવા માંગતા બને ઈસમો ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા અને કોઈ સંતોષકારક જવાબ ના આપતા પોલીસે પ્રાથમિક ચોરી અથવા ઝણકપટ થી મોબાઈલ મળ્યા હોવાની શંકા આધારે બંને ઈસમ ની અટક કરી હતી. મોપેડ અને મોબાઈલ સહિત 45 હજારનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

**DATE: 17/12/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVY BHASKAR PAGE- 01**

ભરૂચ- વડોદરા વચ્ચે ડિઝલ ચોરીના બનાવો વધ્યાં : અગાઉ સાવલીની ગેંગ ઝડપાઇ હતી

# ખાલસા પંજાબી હોટલની આડમાં ડિઝલ ચોરી કરવાનું કૌભાંડ : માલિકની ધરપકડ

## 1.12 લાખનો ડિઝલનો જથ્થો, પીકઅપ, ચોરીના સાધનો મળી 2.12 લાખનો મુદ્દામાલ જપ્ત

ભાસ્કરન્યૂઝ | ભરૂચ

ભરૂચ હાઈવે પર ચાલતાં ગોરખધંધાઓ પર તવછાઇ બોલાવાની એસપીની સૂચનાના આધારે ભરૂચ એલસીબીની ટીમે ભરૂચ હાઈવે પર નબીપુર નજીક આવેલી ખાલસા પંજાબી હોટલમાં દ્રરોડો પાડી ડિઝલ ચોરીના કૌભાંડના પર્દાફાસ કરવા સાથે હોટલના સંચાલકની ધરપકડ કરી છે.

ભરૂચ જિલ્લામાં આવેલી ઔદ્યોગિક વસાહતોને કારણે જિલ્લામાં ભારદારી વાહનોની અવર-જવર વધુ હોય છે. અન્ય જિલ્લા તેમજ રાજ્યમાંથી આવતી ટ્રક- ટ્રેલર તેમજ કન્ટેઈનર સહિતના ભારદારી વાહનોના ડ્રાઈવરો ભોજન માટે તેમજ વિશ્રામ માટે હાઈવેની હોટલો પસંદ કરતાં હોય છે. જ્યાં તેઓ તેમના વાહનો પાર્ક કરી ત્યાં જ આરામ કરતાં હોય છે. ત્યારે આવા ડ્રાઈવરોનો સંપર્ક કરી બેનંબરિયાઓ ડિઝલ ચોરી, કેમિકલ ચોરી સહિતના વિવિધ કૌભાંડોને અંજામ આપતાં હોય છે.

ભરૂચ એલસીબીના પીએસઆઇ પી. એમ. વાળા તેમજ તેમની ટીમ કોમ્બિંગ નાઇટમાં હતી. તે વેળાં તેમને ચોક્કસ બાતમી મળી હતી કે, નેશનલ હાઇવે નંબર 48 પર નબીપુર બ્રીજ દક્ષિણ છેડે સર્વિસ રોડની બાજુમાં આવેલી ખાલસા પંજાબી હોટલ ખાતે ડિઝલનો શંકાસ્પદ જથ્થો સંગ્રહ કર્યો છે. જેના પગલે ટીમે તેના ત્યાં દરોડો પાડતાં હોટલના સકુલમાં આવેલાં એક સફેદ કલરના 207 પીકઅપ ટેમ્પોમાં મુકેલાં એક ટેન્કમાં તેમજ કંપાઉન્ડમાં જ જૂની અને કંડમ થયેલી ત્રણ ટ્રકોની ઈંધણ ટાંકીમાંથી કુલ1220 લીટર ડિઝલનો જથ્થો મળી આવ્યો હતો. તેમજ ડિઝલ ટ્રાન્સ્ફરો કરવાના કારબા, પાઈપ, લોખંડની ગળણી સહિતના સાધનો મળી આવ્યાં હતાં. જેના પગલે ટીમે 1.12 લાખના ડિઝલ સહિત કુલ 2.12 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ટીમે હોટલના સંચાલક અને ડિઝલ ચોરીનો કારસો રચનારા રણજીતસિંગ સતનામસિંગ ગીલ (રહે. નવીનગર, નબીપુર, મુળી રહે. વેરોવાલ, તરનતારન પંજાબ) ની પણ ધરપકડ કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.



### ભારદારી વાહનોની અવરજવર વધુ

અંકલેશ્વર સહિત દહેજ, વાગરા-સાયખા જીઆઈડીસી, ઝઘડિયા જીઆઈડીસી સહિત ભરૂચ જિલ્લામાં મોટી સંખ્યામાં ઉદ્યોગો ધમધમે છે. કંપનીઓના રો-મટિરીયલ તેમજ પ્રોડક્ટની હેરાફેરી માટે ભારદારી વાહનોની અવર-જવર વધુ હોય છે. ત્યારે કેટલાંક ડ્રાઈવરો વધુ રૂપિયા કમાઇ લેવાની લાલસામાં ડિઝલ વેંચી દેવા સાથે અનેકવાર કંપનીના પ્રોડક્ટ અને રો-મટિરીયલ પણ ચોરી કરી વેચી દેતાં હોય છે.

### અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ તેની તપાસ શરૂ

હોટલનો સંચાલક ડિઝલ ચોરીનું કૌભાંડ આચરતો હોવાનું માલુમ પડતાં અમારી ટીમે દરોડો પાડ્યો હતો. અને મુખ્ય આરોપીને ઝડપી પડાયો છે. હાલમાં તેના રિમાન્ડ મેળવવાની ક્વાયત ચાલી રહી છે. જોકે, તેની સાથે અન્ય કોઈ સંડોવાયેલું છે કે કેમ, તે ક્યારથી આ ધંધો કરતો હતો તે સહિતની વિગતો મેળવવાની ક્વાયત હાથ ધરી છે. » પી. એમ. વાળા, પીએસઆઈ, એલસીબી, ભરૂચ.

### ભરૂચ હાઈવે બેનંબરીયાઓ માટે રૂપિયા કમાવાનો માર્ગ

ભરૂચ હાઈવે પર આવેલી કેટલીંક હોટલો બેનંબરના ધંધા માટે કુખ્યાત બની છે. દારૂ- કેમિકલની હેરાફેરીના કારસા ભુતકાળમાં આવી હાઈવે પરની હોટલો પરથી પકડાયાં છે. ત્યારે કેટલાંક ભેજાબાજો ભાડેથી હોટલો રાખીને પણ કારસાને અંજામ આપતા હોવાનું પણ કેટલાંક કિસ્સાઓમાં સામે આવ્યું છે.

### 20 લીટરના કારબાના 800 રૂપિયા ચૂકવતો

ખાલસા પંજાબી હોટલના સંચાલક રણજીતસિંગ સતનામસિંગ ગીલની પોલીસ દ્વારા પુછપરછ હાથ ધરવામાં આવી છે. ત્યારે પ્રાથમિક તબક્કે તેણે કબુલ્યું હતું કે, તે ડ્રાઈવર પાસેથી 800 રૂપિયામાં 20 લીટર કારબો ભરીને ડીઝલ ખરીદતો હતો. જે બાદમાં અન્ય ગ્રાહક-વાહન ચાલકને તે ડિઝલ થોડા સસ્તામાં વેચી દેતો હતો.